શ્રમિકોના પરસેવાના નાણાંમાં 'મોટા માથાઓ'ની મિલીભગતનો આક્ષેપ | નિવૃત્ત ન્યાયાધીશ પાસે તપાસની માંગ

# નડિયાદ મનપામાં ₹ ૩૨ કરોડનું મસમોટું પીએફ કૌભાંડ થયાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ

**વર્ષ 2011થી ચાલતા** કૌભાંડમાં કમિશનરને આવેદનપત્ર

**કોંગ્રેસ દ્વારા** કોર્ટમાં જવાની ચીમકી આપી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નડિયાદ મહાનગરપાલિકામાં વર્ષ 2011થી અત્યાર સુધી વિવિધ એજન્સીઓ હેઠળ ફરજ બજાવતા શ્રમિકોના પીએફ, વેતન અને અન્ય હકોમાં વ્યાપક ગેરરીતિઓ આચરીને અંદાજે રૂપિયા 32 કરોડનું મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે શહેર કોંગ્રેસ પ્રમુખ અને વોર્ડ નંબર 12 ના કોર્પોરેટર હાર્દિક ભટ્ટ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપીને ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરવામાં આવી છે.

આ આવેદનપત્રમાં આક્ષેપ કરાયો છે કે મેનપાવર, આઉટસોર્સિંગ, સ્વચ્છતા અને સિક્યુરિટી જેવી એજન્સીઓના કોન્ટ્રાક્ટરો દ્વારા શ્રમિકોને લઘુત્તમ વેતન આપવામાં આવતું નથી. પીએફ, ઈએસઆઈસી (ESIC), બોનસ અને ઓવરટાઈમ જેવા લાભોથી વંચિત રાખી શ્રમ કાયદાઓનું ગંભીર ઉલ્લંઘન થઈ રહ્યું છે. હાર્દિક ભટ્ટે જણાવ્યું હતું કે, સરકારમાંથી નાણાં રિલીઝ થયા હોવા છતાં તે કર્મચારીઓ સુધી પહોંચ્યા નથી અને આ પ્રકરણમાં પાલિકાના કેટલાક બેદરકાર અધિકારીઓ અને નડિયાદના 'મોટા માથાઓ'ની સંડોવણી હોવાની આશંકા છે.

આ આવેદનપત્રમાં કોંગ્રેસે માંગ કરી છે કે વર્ષ 2011થી અત્યાર સુધીના શ્રમિકોના હાજરી રજીસ્ટર, વેતન રજીસ્ટર, મસ્ટર રોલ અને બેંક સ્ટેટમેન્ટનું ફોરેન્સિક ઓડિટ કરાવવામાં આવે. આ તપાસ નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ અથવા રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરાયેલા સ્વતંત્ર વરિષ્ઠ અધિકારીની દેખરેખ હેઠળ થવી જોઈએ જેથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ શકે.

આ મામલે અગાઉ પણ રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ અસરકારક તપાસ ન થઈ હોવાનો રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. જો હવે સમયસર કડક પગલાં લેવામાં નહીં આવે, તો જનહિતમાં રાજ્ય સરકાર, વિજિલન્સ વિભાગ અને સક્ષમ અદાલત સુધી લડત લઈ જવાની ચીમકી પણ કોંગ્રેસ દ્વારા આપવામાં આવી છે.


### રકમની વસૂલાત કરી બ્લેકલિસ્ટ કરવા માગ

શ્રમિકોને ઓછું વેતન મળ્યું હોય તો તે રકમ કોન્ટ્રાક્ટરો પાસેથી વ્યાજ સહિત વસૂલીને શ્રમિકોને ચૂકવવી અને ગેરરીતિમાં સંડોવાયેલા કોન્ટ્રાક્ટરોના કોન્ટ્રાક્ટ રદ કરવા, સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત કરવી અને તેમને કાયમી ધોરણે બ્લેકલિસ્ટ કરવા માગણી કરી છે. આ ઉપરાંત કોન્ટ્રાક્ટરો સાથે મિલીભગત કરી ખોટા બિલો પાસ કરનારા અધિકારીઓ સામે ખાતાકીય અને શિસ્તભંગની કાર્યવાહી કરવી જોઈએ.

મુખ્યમંત્રીએ ગાડી થોભાવી ગ્રામજનો સાથે વાર્તાલાપ કર્યો

# અંબાલીમાં મુખ્યમંત્રી પ્રોટોકોલ બાજુ પર મૂકી બાળકોને મળ્યા

**ગામમાં ખેડૂતના** ઘરે જઈ ગોબરગેસ પ્લાન્ટની વિગતો મેળવી



(પ્રતિનિધિ) આણંદ તા.૧૭

આણંદના અંબાલી ગામ પાસે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક અત્યંત પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વડોદરાથી ગાંધીનગર પરત ફરી રહેલા મુખ્યમંત્રીએ માર્ગની બાજુમાં પોતાની ઝલક મેળવવા ઉભેલા માસૂમ બાળકો અને ગ્રામજનોને જોઈને ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પોતાની ગાડી ઉભી રખાવી દીધી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સીધા જ યુનિફોર્મમાં ઉભેલા બાળકો પાસે પહોંચ્યા હતા. તેમણે બાળકોને 'કઈ સ્કૂલમાં ભણો છો?' અને 'શું અભ્યાસ કરો છો?' જેવા વહાલભર્યા પ્રશ્નો પૂછીને તેમની પીઠ થાબડી હતી અને જીવનમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત ગ્રામજનો સાથેના સંવાદમાં તેમણે ગામની મુશ્કેલીઓ વિશે પૂછપરછ કરી વહીવટીતંત્ર પ્રત્યેનો વિશ્વાસ મજબૂત કર્યો હતો. તેમણે વાલીઓને ખાસ અપીલ કરી હતી કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ બાળકોના શિક્ષણ સાથે ક્યારેય બાંધછોડ ન કરવી.

આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ સ્થાનિક ખેડૂત વિઠ્ઠલભાઈ પરમારના ઘરે કાર્યરત ગોબરગેસ પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. તેમણે પ્લાન્ટના ફાયદા અને તેના વપરાશ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી માહિતી મેળવી હતી. સત્તાના સર્વોચ્ચ સ્થાને હોવા છતાં મુખ્યમંત્રીની આ સહજતા અને સરળતા જોઈને ગ્રામજનો ગદગદિત થઈ ગયા હતા.

# અરેરી ગામમાં શંકાશીલ સાસરીયાનો પરણીતાને ત્રાસ

**વહેમમાં રાખી** મારઝૂડ કરી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

મહેમદાવાદ તાલુકાના અરેરી ગામમાં રહેતી એક પરણીતા પર તેના પતિ અને સાસરીયાઓ દ્વારા ત્રાસ ગુજારવામાં આવતો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે.

મૂળ માતર તાલુકાના રધવાણજ સોનારપુરાના ભીખાભાઈ ઠાકોરની દીકરી અંજલીબેનના લગ્ન મે ૨૦૨૩માં અરેરીના નયનભાઈ પુનમભાઈ ઠાકોર સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને નવ માસનો દીકરો પણ છે. જોકે, લગ્નના થોડા સમય બાદ પતિ નયનભાઈ પત્ની પર ખોટો વહેમ રાખી ઝઘડા કરતો અને પિયર જવાની પણ મનાઈ ફરમાવતો હતો. આ બાબતે સાસુ લીલાબેન, સસરા પુનમભાઈ તેમજ નણંદ હીનાબેન અને નણદોઈ ધર્મેશભાઈ પણ પતિનું ઉપરાણું લઈને અંજલીબેનને ત્રાસ આપતા હતા.

દરમિયાનમાં એક ધાર્મિક પ્રસંગે બહાર જવાની બાબતે તકરાર થતા પતિએ અંજલીબેનને ઢોર માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમયે સાસરી પક્ષના અન્ય સભ્યોએ પણ તેમને છોડાવ્યા નહોતા. આખરે ત્રાસથી કંટાળી અંજલીબેન પોતાના પુત્ર સાથે પિયર જતી રહી હતી અને ત્યારબાદ સાસરીયાઓ તેડવા ન આવતા અંતે તેમણે પોલીસનો આશરો લીધો છે. મહેમદાવાદ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

'નશાખોર' આચાર્ય | કલેક્ટરની સરપ્રાઇઝ વિઝિટમાં પર્દાફાશ, પકડી પોલીસને સોંપાયા

# કઠલાલના કાણીયલની શાળામાં આચાર્ય દારૂના નશામાં ધૂત હતાં

**આચાર્ય લથડતી જીભે** કલેક્ટર સાથે વાત કરતા ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

કઠલાલ તાલુકામાં આવેલી સરકારી શાળામાં વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કેવા ચેડા થઈ રહ્યા છે તેનો પર્દાફાશ ખુદ કલેક્ટરે કર્યો છે. કાણીયલ ગામની મુલાકાત દરમિયાન ફરજ પરના એક આચાર્ય નશામાં ચૂર હાલતમાં મળી આવતા કલેક્ટરે લાલ આંખ કરી છે અને આ ગંભીર બેદરકારી બદલ શિક્ષકને તાત્કાલિક પોલીસ કસ્ટડીમાં મોકલી મેડિકલ ટેસ્ટ કરાવવાની તજવીજ હાથ ધરી છે.

ખેડા કલેક્ટર શુક્રવારે કઠલાલ તાલુકાના કાણીયલ ગામની સરપ્રાઈઝ વિઝિટ પર હતા, જ્યાં તેઓ વિવિધ આંગણવાડીઓ અને શાળાઓમાં શૈક્ષણિક કાર્યનું નિરીક્ષણ કરી રહ્યા હતા. આ દરમિયાન તેઓ ગંગાદાસના મુવાડા પ્રાથમિક શાળામાં પહોંચ્યા ત્યારે ત્યાં ફરજ બજાવતા ઈન્ચાર્જ એચ ટાટ આચાર્ય ભગવતસિંહ ઝાલા દારૂના નશામાં ધૂત હાલતમાં જોવા મળ્યા હતા. કલેક્ટરે જ્યારે આચાર્ય સાથે પ્રશ્નોત્તરી શરૂ કરી ત્યારે તેમના લથડતા અવાજ અને અસામાન્ય વર્તન પરથી તેઓ નશામાં હોવાની સ્પષ્ટ શંકા ગઈ હતી.

વિદ્યાના ધામમાં આવી શરમજનક સ્થિતિ જોઈને કલેક્ટરે તાત્કાલિક કડક એક્શન લીધા હતા. પ્રાંત અધિકારી અનિલ ઝાલાની હાજરીમાં જ કઠલાલ પોલીસને બોલાવીને પીધેલા આચાર્યને કાયદેસરની કાર્યવાહી માટે હવાલે કરી દેવામાં આવ્યા હતા.

આ અંગે પોલીસ દ્વારા આ શિક્ષકનો નશો સાબિત કરવા માટે તેમને મેડિકલ ટેસ્ટ અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યાં હતાં. સરકારી તંત્રના આ ત્વરિત પગલાંને ગ્રામજનો અને વાલીઓએ ભારે આવકાર આપ્યો છે, જોકે બાળકોને સંસ્કાર આપનારા શિક્ષકના આવા કૃત્યથી લોકોમાં ભારે રોષ પણ જોવા મળી રહ્યો છે.

### જિલ્લા પંચાયતના સભ્યના સસરા જ થાય

દારૂની હાલતમાં ઝડપાયેલા આચાર્ય ભગવતસિંહ ઝાલા રાજકીય વગ ધરાવતા પરિવારમાંથી આવે છે. તેમના પુત્રવધુ ફાલ્ગુનીબેન ઝાલા ખેડા જિલ્લા પંચાયતની છીપડી બેઠક પરથી કોંગ્રેસના સભ્ય તરીકે ચૂંટાયેલા છે. સરકારી શાળામાં ફરજ પર જ નશાની હાલતમાં પકડાતા સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

બ્રિજના સમારકામને લઇ નિર્ણય લેવાયો

# વાત્રક નદીના જૂના બ્રિજ પર ભારે વાહનોની પર પ્રતિબંધ

**વાહનચાલકો માટે** વૈકલ્પિક માર્ગ તરીકે 'નવા બ્રિજ'ની વ્યવસ્થા કરાઈ

(પ્રતિનિધિ) ખેડા તા.૧૭

ખેડા જિલ્લાના હરિયાળા-ખેડા-રધવાણાજ રોડ પર વાત્રક નદી ઉપર આવેલ જૂના મેજર બ્રિજની સુરક્ષા અને મજબૂતીકરણની કામગીરીને ધ્યાને રાખીને તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જાહેર સલામતીના હેતુસર આ બ્રિજ પર ભારે વાહનોની અવરજવર પર આગામી ૧૦ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

ખેડા-નડીઆદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી. દેસાઈ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ, વાત્રક નદી પરના જૂના રોડ બ્રિજની સ્થિતિ અને તેના સમારકામની જરૂરિયાતને જોતા આ નિર્ણય લેવાયો છે. આ પ્રતિબંધ ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૭ સુધી (બંને દિવસો સુધ્ધાં) અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વહીવટી તંત્રએ વાહનચાલકોને સહકાર આપવા અપીલ કરી છે.

ભારે વાહનચાલકોની સુવિધા માટે તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ, ખેડા ચોકડી કે હરિયાળા તરફથી આવતા-જતા ભારે વાહનો હવે વાત્રક નદી પર બનેલા 'નવા રોડ બ્રિજ' નો ઉપયોગ કરી શકશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રીઅલ કેમેસ્ટ્રીમાં સરસ્વતી પૂજા - અભિમુખતા કાર્યક્રમ યોજાયો



**આણંદ** | સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજના આઈસી વિભાગમાં મા સરસ્વતીના પૂજન અને નવા વિદ્યાર્થીઓ માટેના અભિમુખતા કાર્યક્રમ સાથે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આચાર્ય ડો. એમ.એમ. રાજ અને વિભાગીય વડા ડો. રોહિત દવેએ નવા વિદ્યાર્થીઓને કારકિર્દીલક્ષી માર્ગદર્શન તથા સંસ્થાનો પરિચય આપીને પ્રોત્સાહિત કર્યા હતા. ડો. જીગર પટેલે શિક્ષણ સાથે સંસ્કારના મહત્વ પર ભાર મૂક્યો હતો, જ્યારે સિનિયર વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા વિભાગના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

### બીવીએમના ૨૧ વિદ્યાર્થી રશિયાની યુરલ ફેડરલ યુનિવર્સિટી ખાતે સહભાગી થયા



**આણંદ** | વલ્લભ વિદ્યાનગરની બીવીએમ એન્જિનિયરિંગ કોલેજના ૨૧ વિદ્યાર્થીઓ રશિયાના એકાટેરિનબર્ગ ખાતે આયોજિત પ્રતિષ્ઠિત 'સમર યુનિવર્સિટી-૨૦૨૬'માં ભાગ લઈ રહ્યા છે. સીવીએમ પ્રમુખ ભીખુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળના આ પ્રતિનિધિમંડળમાં ૮ વિદ્યાર્થીઓને સંપૂર્ણ જ્યારે ૧૩ વિદ્યાર્થીઓને આંશિક સ્પોન્સરશિપ પ્રાપ્ત થઈ છે. ૧૬ દેશોના ૪૩૦ પ્રતિભાગીઓ સાથે બીવીએમના છાત્રો શૈક્ષણિક વ્યાખ્યાનો, આધુનિક પ્રયોગશાળાઓ અને ઔદ્યોગિક મુલાકાતો દ્વારા વૈશ્વિક એક્સપોઝર મેળવશે. આ આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરની શૈક્ષણિક તકો, સંશોધન અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનની અનોખી તક પ્રાપ્ત થઈ રહી છે.

### ભારતી વિનય મંદિર હાઈસ્કૂલમાં 'વિશ્વ ન્યાય દિન' નિમિત્તે કાનૂની જાગૃતિ શિબિર યોજાઈ




**આણંદ** | જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નડિયાદ દ્વારા ચકલાસી ખાતે આયોજિત કાર્યક્રમમાં ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પોલીસ ટીમ દ્વારા સાયબર સિક્યુરિટી અને સ્વરક્ષા તકનીકોનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન આપી વિદ્યાર્થીઓને સુરક્ષા અંગે માર્ગદર્શન અપાયું હતું. સેક્રેટરી જે.જે. જાદવ દ્વારા પોક્સો એક્ટ, બાળ મજૂરી વિરોધી કાયદા અને મફત કાનૂની સહાય અંગે વિશેષ સમજૂતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ જાગૃતિ પુસ્તિકાનું વિતરણ કરી તેમને જવાબદાર નાગરિક બનવા પ્રેરણા અપાઈ હતી.

### લુણાવાડાની ધી ન્યુ ઇંગ્લિશ સ્કૂલ વિરણીયામાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ



**લુણાવાડા** | લુણાવાડા કેળવણી મંડળ સંચાલિત શાળામાં ધોરણ 9 થી 12 ના 630 થી વધુ વિદ્યાર્થીઓએ લોકશાહીના મૂલ્યો કેળવવાના હેતુથી ઉત્સાહભેર મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. આ ચૂંટણીમાં પગી મનુભાઈ રમણભાઈ જનરલ સેક્રેટરી (GS) તરીકે અને ચૌહાણ વૈશાલીબેન સોમસિંહ એલ.આર. તરીકે વિજેતા જાહેર થયા હતા. મંડળના પ્રમુખ મુનેન્દ્રભાઈ પટેલે વિદ્યાર્થીઓને લોકશાહીનો પ્રત્યક્ષ અનુભવ કરાવવા બદલ શાળાના આચાર્ય અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રકારની ચૂંટણી પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને લોકશાહી પ્રત્યેની સમજ વિકસશે.

### વડોદની પટેલ એમ.એસ. હાઈસ્કૂલના 90મા સ્થાપના દિનની ઉજવણી કરાઇ



**આણંદ** | વડોદ કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કૂલમાં મુખ્ય મહેમાન ધ્રુવીતકુમાર પટેલ અને મંડળના પ્રમુખ અતુલભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં શાળાના 90માં સ્થાપના દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાયત્રી પરિવાર દ્વારા વિદ્યારંભ સંસ્કાર, વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ તથા તમામ વિદ્યાર્થીઓને મફત નોટબુક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. અંતમાં મહાનુભાવો દ્વારા શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

### ચારુસેટના વિદ્યાર્થી બિરજ પટેલે નેશનલ ટગ ઓફ વોર ચેમ્પિયનશિપમાં મેડલ જીત્યો



**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના વિદ્યાર્થી બિરજ પટેલે જમ્મુ-કાશ્મીરના કુલગામ ખાતે યોજાયેલી 39મી સિનિયર મેન નેશનલ ટગ ઓફ વોર ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. બિરજે આ સ્પર્ધામાં ગુજરાત સ્ટેટ ટગ ઓફ વોર ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જેનું આયોજન ટગ ઓફ વોર ફેડરેશન ઓફ ઇન્ડિયાના માર્ગદર્શન હેઠળ થયું હતું. આ નોંધપાત્ર સિદ્ધિ બદલ ચારુસેટના હોદ્દેદારો અને ગુજરાત સ્ટેટ ટગ ઓફ વોર એસોસિએશને બિરજને અભિનંદન પાઠવ્યાં હતાં.

### આણંદમાં કુપોષિત બાળકો અને સગર્ભા માતાઓ માટે મેડિકલ કેમ્પ યોજાયો



**આણંદ** | આણંદ ઘટક-૩ માં જિલ્લા પ્રોગ્રામ ઓફિસર તેજલબેનના માર્ગદર્શન હેઠળ બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓના સ્વાસ્થ્ય માટે વિશેષ તપાસ કેમ્પનું આયોજન કરાયું હતું. ડો. વી.એચ. દવે હોમિયોપેથી હોસ્પિટલના તબીબો દ્વારા આંગણવાડીના ૪૧ જેટલા કુપોષિત બાળકો અને કિશોરીઓની ઝીણવટભરી તબીબી તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં લાભાર્થીઓને પોષણક્ષમ આહારનું માર્ગદર્શન આપી તમામ જરૂરિયાતમંદોને હોમિયોપેથીક દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. કુપોષણ નાબૂદી અને માતૃ-બાળ કલ્યાણના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે આ પ્રકારના કેમ્પ ખૂબ જ અસરકારક સાબિત થશે.

### સંતરામપુરમાં અષાઢી બીજના પવિત્ર પર્વે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા યોજાઈ



**સંતરામપુર** | સંતરામપુર કાવડયાત્રા સેવા ગ્રુપ અને નગરજનોના સહકારથી પરંપરાગત રીતે નીકળેલી આ રથયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ 'જય જગન્નાથ'ના નાદ સાથે ભક્તિમય માહોલમાં જોડાયા હતા. નગરના વિવિધ માર્ગો પર ફરેલી આ યાત્રાનું ઠેર-ઠેર ભક્તો દ્વારા પૂજા-આરતી કરી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્લોટ બઝાર મહાદેવ મંદિર થઈ મહાલક્ષ્મી મંદિરે પરત ફરેલી યાત્રા બાદ ભાવિક ભક્તોએ ભંડારાના પ્રસાદનો લાભ લીધો હતો. રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત અને કડક બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

**કણભા ગ્રામ પંચાયત**
**જાહેર હરાજી**

આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ વ્યક્તિઓને જણાવવાનું કે, મોજે કણભા તા. બોરસદ જી.આણંદ ખાતે મેલડી માતા વિસ્તારમાં આવેલ જર્જરિત આંગળવાડી કાટમાળ સાથે ઉતારી પાડી સમતળ કરવાનું હોઈ જેની જાહેર હરાજી તા. ૨૦/૦૭/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૨:૦૦ કલાકે કણભા ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં જેની અપસેટ કિંમત રૂ.૭૧૦૦/- (ઇકોતેરસો રૂપિયા પુરા) રાખવામાં આવી છે. જાહેર હરાજીમાં ભાગ લેનાર ઇસમને ડિપોઝીટ પેટેની રકમ રૂ.૧૦૦૦/- હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે. જાહેર હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા વ્યક્તિઓએ નિયત તારીખ અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીની શરતો હરાજી સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
તારીખ : ૨૦/૦૭/૨૦૨૬ને સોમવાર - સમય : સવારે ૧૨ : ૦૦ કલાકે
સ્થળ : કણભા ગ્રામ પંચાયત, તા.બોરસદ.જી.આણંદ.

તલાટી કમ મંત્રી/ સરપંચ
કણભા ગ્રામ પંચાયત
તા. બોરસદ, જી. આણંદ

**વાલોત્રી ગ્રામ પંચાયત**
**જાહેર નિવિદા**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે મોજે વાલોત્રી તા. માતર જી. ખેડા ગામે આવેલ ગૌચર વિસ્તારમાં જર્જરીત પાણીની ટાંકીના કાટમાળની જાહેર હરાજી તા. ૨૨-૭-૨૦૨૬ને બુધવરના રોજ બપોરે ૨-૦૦ કલાકે ગ્રામ પંચાયત વાલોત્રી મુકામે રાખેલ હોઈ હરાજીની તમામ શરતો સ્થળ પર વાંચી સંભળવવામાં આવશે. જર્જરીત પાણીની ટાંકીની અપસેટ કિંમત રૂ. ૨૭,૪૪૬/- અંકે રૂપિયા સત્તાવીસ હજાર ચારસો છેતાળીસ પુરા જેટલી થાય છે.

સરપંચ
વાલોત્રી ગ્રામ પંચાયત
તા. માતર જી. ખેડા

તલાટી કમ મંત્રી
વાલોત્રી ગ્રામ પંચાયત
તા. માતર જી. ખેડા

**કણભા ગ્રામ પંચાયત**
**જાહેર હરાજી**

આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ વ્યક્તિઓને જણાવવાનું કે મોજે કણભા તા. બોરસદ જી.આણંદ ખાતે મહાદેવપુરા સીમ વિસ્તારમા પંચાયત હસ્તકના અંદાજિત ૩૦૦ મણથી વધુનો વડ પડી ગયેલ છે જેની અપસેટ કિંમત ૨૮૦૦૦/- (અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર પુરા) અને જેની જાહેર હરાજી તા. ૨૦/૦૭/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૨:૦૦ કલાકે કણભા ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેનાર ઈસમે ડીપોઝીટ પેટે ૫૦૦૦/- (પાંચ હજાર) રકમ હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે. ભાગ લેવા ઈચ્છુક વ્યકિતઓને નિયત તારીખે સમયે અને સ્થળે હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્ય શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

તલાટી કમ મંત્રી/ સરપંચ
કણભા ગ્રામ પંચાયત
તા. બોરસદ, જી. આણંદ

**દલોલી ગ્રામ પંચાયત**
**જાહેર નિવિદા**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે મોજે દલોલી તા. માતર જી. ખેડાના ગામે આવેલ ભાથીજી મંદિરની સામે આવેલ જર્જરીત પાણીની ટાંકીના કાટમાળની જાહેર હરાજી તા. ૨૪-૭-૨૦૨૬ને શુક્રવારના રોજ બપોરના ૨-૦૦ વાગ્યે ગ્રામ પંચાયત દલોલી મુકામે રાખેલ હોઈ હરાજીની તમામ શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. જર્જરીત પાણીની ટાંકીની અપસેટ કિંમત રૂ. ૫૩,૩૯૮/- અંકે રૂપિયા ત્રેપ્પન હજાર ત્રણસો અઠ્ઠાણું પુરા છે.

સરપંચ
દલોલી ગ્રામ પંચાયત
તા. માતર જિ. ખેડા

તલાટી કમ મંત્રી
દલોલી ગ્રામ પંચાયત
તા. માતર જિ. ખેડા